**સ્પે.દિ.મુ. નં. ૧૦૪/૨૦૧૮**
**જૂનો નં. સ્પે.દિ.મુ. નં.૫૪૦/૨૦૧૩**

## <u>આંક–૧ તળે હુકમ</u>

આજરોજ વાદી નં. ૧(ડ) નો પોકાર કરાવતાં સાંજના ૦૬:૦૦ કલાક સદર વાદી જાતે કે તેમના વિ.વ.શ્રી હાજર નથી.

રેકર્ડ વંચાણે લેતાં સદર કેસ સને ૨૦૧૩ ના વર્ષનો એટલે કે, સાત વર્ષ થી વધુ જુનો કેસ છે. રોજકામ વંચાણે લેતાં સદર કામે તા.૨૭/૦૪/૨૦૧૬ ના રોજ આંક–૫૫ થી મુદ્દા કાઢવામાં આવેલા છે. અને તે પછી વાદી નં. ૨ ની ઉલટતપાસનું સ્ટેજ ચાલતું તે દરમ્યાન વાદી નં.૧(ડ) સિવાયના વાદીઓએ દાવો બીનશરતી પરત ખેંચતા હોવાની પુરાસીસ આંક–૫૨ થી તા.૨૪/૧૦/૨૦૧૯ ના રોજ રજુ કરેલ છે. ત્યારબાદ પ્રતિવાદી નં.૧ (ડ) નાઓએ આંક–૫૫ થી જો વીડ્રો પુરસીસ રજુ થાય તો તેઓને સાંભળવા તેવું જાહેર કરેલ છે. પરંતુ તે પહેલા જ બાકીના વાદીઓએ દાવો વીડ્રો કરેલ હોય તેટલા વાદીઓ પુરતી પુરસીસ તા.૨૪/૧૦/૨૦૧૯ ના રોજ રેકર્ડ કરેલ છે. અને વાદી નં.૧(ડ) પુરતી દાવામાં કાર્યવાહી માટે ચાલુ રાખેલ છે. ત્યારબાદ વાદી નં.૧(ડ)ને આંક–૫૬ વાળી મુ.તા.૧૨/૦૪/૨૦૨૧ ના રોજની નોટીશની બજવણી થયેલ છે. ત્યારબાદ પણ મુ.તા.૧૧/૦૬/૨૦૨૧, ૨૪/૦૬/૨૦૨૧, તથા આજરોજ હાજર રહી કેસમાં આગળ કાર્યવાહી કરેલ નથી કે વાદી નં.૧(ડ)નાઓએ તેઓનો કોઇ પુરાવો રજુ કરેલ નથી કે તે માટે કોઇ પ્રયત્ન કરેલ નથી.

આમ, ઉપરોક્ત વિગતે સદર કામે વાદી નં.૧(ડ)ની કસુરના કારણે તેઓનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ના હોય વાદી નં.૧(ડ)ને પૂરતી તક આપવા છતાં કોઇ પુરાવો રજુ કરેલ ના હોય હાલ વાદી નં.૧(ડ)ઓની કસૂરના કારણે વાદીઓનો દાવો સીવીલ પ્રોસીજર કોડના હુ.૯ રુ.૮ મુજબ દાવો કાઢી નાખવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨ જી, માહે ઓગસ્ટ, સને ૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૦૨–૦૮–૨૦૨૧
ઓલપાડ.

(જયશ્રીબેન શિવાભાઇ સુતરિયા)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજજ
ઓલપાડ.
જજ કોડ નં. જીજે૦૦૮૭૭